**સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૧૦૦ કરોડથી વધુ રકમની ચાલુ બાબતોની વહીવટી મંજુરી બાબત**

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક WCDD/AWR/e-file/23/2024/1050/A

સચિવાલય,ગાંધીનગર

**ઠરાવ:**

મહિલા અને બાળ વિકાસ વિભાગની મહિલા કલ્યાણની કામગીરીના સંદર્ભે સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૧૦૦ કરોડથી વધુ રકમની નીચેની વિગતોની ચાલુ બાબતોને વર્ષ ૨૦૨૫-૨૬માં ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(રકમ રૂ.કરોડમાં)

| ક્રમ | સદર | વિષય | મંજુર જોગવાઇ |
|---|---|---|---|
| ૧ | ૯૫-૨૨૩૫-૦૨-૧૦૩-૦૧ | SCW 25 અનૂસુચિત જાતિ પેટા યોજના નિરાધાર વિધવાઓને તેમના પુન:સ્થાપન માટે નાણાકીય સહાય | ૧૫૩.૫૬ |
| ૨ | ૯૬-૨૨૩૫-૦૨-૭૯૬-૦૬ | SCW 25 નિરાધાર વિધવાઓને તેમના પુન:સ્થાપન માટે નાણાકીય સહાય | ૪૦૨.૪૨ |
| ૩ | ૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૩-૦૪ | SCW 25 નિરાધાર વિધવાઓને પુન:સ્થાપન માટે નાણાકીય સહાય | ૨૦૯૪.૪૦ |
| ૪ | ૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૩-૪૭ | વહાલી દીકરી યોજના (૧૦૦% રાજ્ય) | ૨૧૬.૫૦ |
| ૫ | ૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૩-૬૫ | ઈન્દિરા ગાંધી નેશનલ વિડો પેન્શન સિડ્યુલ્ડ જનરલ (ટોપ અપ) | ૨૮૪.૧૨ |

આ અંગેનો ખર્ચ અંદાજપત્રીય સદર અને મંજુર થયેલ રકમની મર્યાદામાં નીચેની શરતોને આધીન કરવાનો રહેશે.

૧. આ યોજનાનો ખર્ચ તા. ૦૧.૦૪.૨૦૨૫ થી કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

Signature Not Verified
Signed by:MUKESHKUMAR B KANTHARIA
Under Secretary (I/C)
Date: 2025.04.03 15:28:46 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

૯. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

૧૧. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

૧૨. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૧૩. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

૧૪. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૧૫. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૫-૨૬ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૬. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રીની ૨૯/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

એમ.બી.કંથારીયા
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- સચિવશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી(મહિલા કલ્યાણ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી,ઇ (બજેટ)/સંકલન શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર (આઇ.ટી.) , મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફ વેબસાઇટ ઉપર અપલોડ કરવા
- સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:MUKESHKUMAR B KANTHARIA
Under Secretary (I/C)
Date: 2025.04.03 15:28:46 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign